ગુજરાતમિત્ર તથા ગુજરાત દર્પણ | સુરત-તાપી-ભરૂચ-નર્મદા જિલ્લાના સમાચાર | મંગળવાર, તા. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૭, સુરત



**બારડોલી કાર્યાલયઃ** , શ્રેયસ કોમ્પલેક્ષ, વામદોત પેટ્રોલ પંપની સામે, સરદાર બાગ, બારડોલી-૨ : ૦૨૬૨૨-૨૨૦૪૮૪, ૯૮૨૪૩૫૩૬૭૫ **કામરેજ** : ૯૮૯૮૨૧૫૪૦૦- ૯૮૨૫૧૦૯૮૯૬ **પલસાણા** : ૯૮૨૪૧૪૩૦૨૩ **સાયણ** : ૨૪૨૩૪૩ **ઓલપાડ** : ૯૮૯૮૪૦૬૬૯૮ **મહુવા** : ૯૪૨૭૧૨૫૬૨૫
**વ્યારા કાર્યાલયઃ** ૧૦૪, પહેલા માળે જે.બી. એન્ડ એસ એ સ્કૂલ શોપીંગ સેન્ટર, ટાવર રોડ, વ્યારા જી.તાપી : ૮૯૮૦૧ ૬૩૧૬૩ **વાલોડઃ** ૯૮૭૯૯૨૧૪૭૭ **ભરૂચ કાર્યાલયઃ** ૧૦૨ હરિકૃષ્ણ ગોલ્ડન પ્લાઝા કોમ્પલેક્ષ, વરિયા હોસ્પિટલ પાસે, સુપર માર્કેટ, સ્ટેશન રોડ-ભરૂચઃ ૯૪૨૭૧૧૬૯૧૬, **અંકલેશ્વર** : ૯૮૭૯૩૪૪૪૫૫, ૯૮૨૫૪૨૯૦૦૧

# અગાઉ થયેલા કામોને પલસાણા તા. પં.ની સામાન્ય સભામાં બહાલીનું નાટક કરાતા કોંગ્રેસનો વોકઆઉટ

**સામાન્ય** સભામાં કોઇ અરજીનું વાંચન કે નિકાલ કરવાની પ્રક્રિયા સુધ્ધાય નહીં કરાઇ

**ટીડીઓ** ભાજપના ઇશારે કામ કરતા હોવાના આક્ષેપો કરીને તા. પં.ના કોંગ્રેસના સભ્યો સભા છોડી ચાલ્યા ગયા

પલસાણાઃ પલસાણા તાલુકા પંચાયત દ્વારા સોમવારે આયોજન માટે સામાન્ય સભા બોલાવવામાં આવી હતી. ત્યારે તાલુકામાં મોટેભાગે થઇ ગયેલા કામોને જ આયોજનમાં લઇ કોઇપણ અરજીને પણ વાંચનમાં નહીં લેતા કોંગ્રેસના સભ્યોએ હોબાળો મચાવ્યો હતો અને તમામ તાલુકા પંચાયતના સભ્યોએ વોકઆઉટ કરી પલસાણા તાલુકા વિકાસ અધિકારી ભાજપના ઈશારે કામ કરતા હોવાના આક્ષેપો કર્યા હતા. પલસાણા તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારીની કામગીરી હંમેશા વિવાદમાં રહે છે. જેમાં ડીડીઓ સામે રાજકીય પાર્ટીના પ્રચારક હોય તેમ આક્ષેપોની સાથે ફરિયાદો થાય છે. તેમ પલસાણા ટીડીઓ સામે પણ વારંવાર ભાજપના એજન્ટ હોવાનો આક્ષેપ થતા આવ્યા છે અને તેઓ તાલુકામાં વિકાસના કામોમાં થતા વ્યાપક ભ્રષ્ટાચારને પ્રોત્સાહિત કરતા હોય તેવી છાપ તાલુકાના સરપંચો અને આમ નાગરિકોમાં જોવા મળી રહી છે. સોમવારે પલસાણા તાલુકા પંચાયત કચેરીએ ખાસ સામાન્ય સભાનું આયોજન શનિવારે એજન્ડા આપી ટુકી મુદતમાં કરવામાં આવ્યું હતું. આ સામાન્ય સભામાં આયોજનના કામોને મંજૂરી આપવાની હતી પરંતુ જે કામો આયોજનમાં લેવાના હતા, તે ભાજપના આગેવાનો દ્વારા તૈયાર કરવામાં આવ્યાં હતાં. તેમજ મોટાભાગના કામો થઇ ગયેલા હોય તેવા કામોને આયોજનમાં લઇ તેને બહાલી આપવા માટે એક નાટકની જેમ સોમવારની સામાન્ય સભા બોલાવી હતી. જેથી કોંગ્રેસના સભ્યોએ હોબાળો મચાવી તમે કોઇપણ અરજીનું સામાન્ય સભામાં વાંચન કે નિકાલ કરતા નથી. તેવા આક્ષેપો કરતા જણાવ્યું કે કયા ગ્રામ પંચાયતમાંથી આયોજનના કામ માટે ઠરાવો મગાવવામાં આવ્યા છે. તેની માહિતી માગી હતી, તેમ છતાં પલસાણા તાલુકા પંચાયતના ટીડીઓ પ્રેક્ષક બની કોંગ્રેસનો એક પણ જવાબ ના આપતા કોંગ્રેસે ટીડીઓને ભાજપના એજન્ટ હોવાનો આક્ષેપ સાથે કોંગ્રેસે સામાન્ય સભાનો વોકઆઉટ કર્યો હતો.

### ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર થઇ રહ્યો હોવાના આક્ષેપો

“ ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આવતા કોન્ટ્રાકટરો પાસે ચૂંટણી ફંડ લેવાના હેતુથી થઇ ગયેલા કામોને પણ આયોજનમાં બહાલી આપી ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર તાલુકા પંચાયત આચરી રહી છે. પલસાણાના ટીડીઓ ભાજપના એજન્ટ તરીકે કામગીરી કરી રહ્યા છે.

**-સુધાબહેન,** તાલુકા પંચાયત સદસ્ય પલસાણા.

## બારડોલીના ગ્રાઉન્ડ પર અભિનેત્રી પુજાસિંગની હાજરીથી ખેલૈયાઓ ગેલમાં આવી ગયા



■ બારડોલીઃ સુરત-વલસાડ જિલ્લા રોહિત કેળવણી મંડળ સંચાલિત યુનાઇટેડ વે ગૃપ દ્વારા સરદાર કુમાર કન્યા છાત્રાલયના લાભાર્થે બારડોલી સ્વરાજ આશ્રમ મુદિત ગ્રાઉન્ડ પર ‘દિયા ઔર બાતી’ સિરિયલની પૂજા સિંગની હાજરીમાં ખેલૈયાઓ ગરબે ઝૂમી ઉઠ્યા હતા. ખેલૈયાઓએ પૂજા સિંગ સાથે સેલ્ફી લેવા માટે પડાપડી કરી હતી.

# ભરૂચ જિલ્લાની હડતાળ પર ઉતરેલી આશાવર્કરોનો સરકારી કચેરી પર હલ્લાબોલ



**નિવાસી** કલેકટર અને આરોગ્ય અધિકારીને ઉગ્ર રજૂઆતો કરી

ભરૂચઃ સમાન કામ, સમાન વેતન સહિત વિવિધ માંગણીઓના મુદ્દે છેલ્લા સાત દિવસથી ભરૂચ જીલ્લાની આશાવર્કરો પ્રતિક હડતાળ પર છે. સાત દિવસ થવા છતાં પણ પોતાની માંગણીઓ ન સંતોષાતા આખરે સોમવારે ગરમાયેલી આશાવર્કરોએ નિવાસી કલેકટર અને જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરી પર હલ્લાબોલ કરી ઉગ્ર રજૂઆતો કરી હતી.

ભરૂચ જિલ્લાની અંદાજે ૧૫૦૦ જેટલી આશાવર્કર બહેનો છેલ્લા એક અઠવાડીયાથી સમાન કામ-સમાન વેતન, યુનિફોર્મ અને આઇકાર્ડ સહિતના મુદ્દે પ્રતિક હડતાળ ઉપર છે. એક અઠવાડિયું થવા છતાં સરકાર કે તંત્ર આશાવર્કરોની માંગણીઓને ન ગણકારતા તેમનામાં રોષ ઉભો થયો છે. સોમવારે આશાવર્કરોએ નિવાસી કલેકટરની કચેરીમાં હલ્લાબોલ કરી આશાવર્કરોનું શોષણ દૂર કરવા ઉપરાંત તમામ માંગણીઓ માટેની ઉગ્ર રજૂઆતો કરી હતી. જ્યાં નિવાસી કલેકટરે જિલ્લા આરોગ્ય અધિકારી ઉપર ઢોળી દેતા આશાવર્કરોનું ટોળું જિલ્લા આરોગ્ય અધિકારી કચેરીમાં દોડી ગયું હતું. આશાવર્કર બહેનોએ અમારું શોષણ દૂર કરો અને સમાન કામ, સમાન વેતન આપો ના પ્લેકાર્ડ સાથે ઉગ્ર દેખાવ કરી જિલ્લા આરોગ્ય અધિકારી ત્રિપાઠીને રજૂઆતો કરી હતી. જ્યાં આરોગ્ય અધિકારી ત્રિપાઠીએ તેમની રજૂઆતોને ઉપલા અધિકારી સુધી પહોંચાડવાની ખાતરી આપી હતી.

### ખાસ વિદ્યાર્થીઓ માટે રાજપરા ગામ સુધી બસનો રૂટ લંબાવવા છતાં

# વાંકલ ઉભારીયા એસ.ટી.બસ રાજપરા ગામ સુધી નહીં જતા વિદ્યાર્થીઓમાં રોષ

**ડ્રાઈવર**-કંડકટરની મનમાનીથી પરેશાન ચાર ગામના વિદ્યાર્થીઓની આંદોલન કરવાની ચિમકી

વાંકલ : માંડવી ડેપો સંચાલિત વાંકલ ઉભારીયા એસ.ટી.બસનો રૂટ ખાસવિદ્યાર્થીઓ માટે રાજપરા ગામ સુધી લંબાવાયો હોવા છતાં માત્ર ઉભારીયા ગામ સુધી એસ.ટી.રૂટનું સંચાલન કરવામાં આવતા રાજપરા, મોખડી સહિત ચાર ગામના વિદ્યાર્થીઓ ડ્રાઈવર- કન્ડકટર અને માંડવી ડેપો મેનેજરના મનસ્વી નિર્ણયો અને મનમાનીનો ભોગ બની રહ્યા છે. હાલમાં જ વાંકલ કોલેજના વિદ્યાર્થીઓએ એસ.ટી. રૂટ માટે આંદોલન કરતા ડેપો મેનેજરે માંગ સ્વીકારી હતી.

સવારે ૫.૪૫ કલાક માંડવી ડેપોમાંથી રૂટ નં.૪૦ વાંકલ ઉભારીયા એસ.ટી. બસ દોડાવવામાં આવે છે આ એસ.ટી.બસ ખાસ વિદ્યાર્થીઓ અને ગામડામાંથી રોજગારી મેળવવા શહેરો તરફ આવતા લોકો માટે ખાસ ઉપયોગી છે. ઉભારીયા ગામથી માત્ર બે.કિમી. દુરના અંતરે આવેલા રાજપરા ગામના વિદ્યાર્થીઓ તેમજ આજુબાજુના પેટીયા, મોખડી, ગુંદીયા વગેરે ગામના વિદ્યાર્થીઓ વાંકલ ગામે આવેલી શાળા કોલેજમાં અભ્યાસ કરતા હોવાથી સ્થાનિક આગેવાન ચંનદભાઈ વસાવાએ ખાસ વિદ્યાર્થીઓ માટે વાંકલ- ઉભારીયા એસ.ટી. રૂટને રાજપરા ગામ સુધી લંબાવવા માટે ઉચ્ચકક્ષાએ રજુઆત કરતા વાંકલ - ઉભારીયા એસ.ટી. બસને રાજપરા ગામ સુધી લંબાવવામાં આવી હતી. આ રૂટનું સંચાલન માત્ર બે-ચાર દિવસ કરવામાં આવ્યા પછી હાલમાં માત્ર ઉભારીયા ગામ સુધી જ એસ. ટી.બસ ઉપર વાંકલ, રાજપરાનું બોર્ડ લગાવવામાં આવે છે. પરંતુ રાજપરા ગામ સુધી એસ.ટી. બસ ડ્રાઈવર -કન્ડકટરો લઈ જતા નથી. ઉભારીયા ગામે એક કલાક એસ.ટી. બસ મુકી રાખવામાં આવે છે અને રાજપરા ગામ તરફથી સુરત-દેવમોગરા એસ.ટી. બસ આવે પછી એસ.ટી. બસ ઉપાડવામાં આવે છે. રાજપરા ગામે ચાર ગામના વિદ્યાર્થીઓ એસ.ટી.બસની રાહ જોઈને ઉભા રહે છે. પરંતુ સ્કુલ સમયે એસ.ટી.બસ નહીં આવતા વિદ્યાર્થીઓ ખાનગી વાહનોમાં જવું પડે છે. તેમજ રોજગારી માટે ઘરેથી નીકળતા મુસાફરોને પણ હાલાકી ભોગવવી પડી રહી ચે. આ બાબતે એસ.ટી. બસના અધિકારીઓ યોગ્ય કાર્યવાહી ન કરે તો વિદ્યાર્થીઓ આંદોલન કરશે તેવી ગર્ભિત ધમકી ઉચ્ચારી છે.

### રસ્તા રોકો આંદોલન કરવાની ચિમકી

રાજપરા ગામના સામાજીક કાર્યકર સરફરાજભાઈએ આક્રોશ વ્યકત કરતા જણાવ્યું કે ડેપો મેનેજરને અમે ફરિયાદ કરી તો તેમણે રૂટમાં ઈન્કમ ઓછી હોવાનું જણાવ્યું પરંતુ નિયત સ્કુલ સમયે એસ.ટી. બસ રાજપરા મોકલવામાં આવતી નથી વિદ્યાર્થી મુસાફરો અન્ય વાહનોમાં જવું પડે છે, મહત્ત્વની બાબત એ છે કે સરકાર છેવાડાના લોકોની સેવા માટે એસ.ટી. ની સુવિધા આપે છે કોઇક રૂટ ઉપર ઓછી આવક હોવા છતાં લોકોને સુવિધા આપવાનો સરકારનો ધ્યેય છે છતાં અધિકારીઓ મનમાની કરી રહ્યા છે. જેની સામે અમારે ન છુટકે રસ્તા રોકો આંદોલન કરવું પડશે.

# બારડોલીનાં સરભોણ ગામમાં બજારથી નવસારી માર્ગનું સમારકામ કરાશે



**ધારાસભ્ય** ઈશ્વરભાઈ પરમારની રજૂઆતને પગલે રોડના કામ માટે રૂા. ૧ કરોડ ફાળવાયા

બારડોલીઃ બારડોલી તાલુકાનાં સરભોણ ગામે બજારથી નવસારી માર્ગને જોડતા બિસ્મારના સમારકામ અંગે ગામના આગેવાનોએ બારડોલી ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારને રજૂઆત કરતાં ધારાસભ્યએ રાજય સરકારમાં ધારદાર રજૂઆત કરતાં સરભોણ ગામે આવેલા માર્ગનું એક કરોડના ખર્ચે નવીનીકરણ કરવામાં આવશે, આ માર્ગની ખાતમુહૂર્ત વિધિ સોમવારે કરવામાં આવી હતી.

બારડોલી તાલુકાનાં સરભોણ ગામમાંથી પસાર થઈ નવસારી માર્ગને જોડતો અત્યંત બિસ્માર બન્યો છે. આ રોડનું સમારકામ કરાવવા ગામના ડેપ્યુટી સરપંચ તેમજ ગ્રામજનોએ ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારને રજૂઆત કરતાં રાજય સરકારે એમની રજૂઆતને ધ્યાનમાં લઈ સરકારની સુવિધા પથ યોજના અંતર્ગત આમાર્ગના નવીનીકરણ માટે ૧ કરોડ જેટલી રકમ ફાળવવામાં આવી હતી. સોમવારે આ માર્ગની ખાતમુહૂર્ત વિધિ બારડોલી તાલુકા પ્રમુખ ભાવેશ પટેલના હસ્તે કરવામાં આવી હતી. આ પ્રસંગે બારડોલી તાલુકા ભાજપ પ્રમુખ ભાવેશ પટેલે જણાવ્યું હતું કે સરકારની વિવિધ યોજના અંતર્ગત સુરત જિલ્લાના બારડોલી તાલુકાનાં અનેક ગામડાઓમાં રસ્તાન ાકામો મંજૂર કરવામાં આવ્યા છે. અને ટૂક સમયમાં મંજૂર થયેલા રસ્તાઓની કામગીરી શરૂ કરવામાં આવશે. જયારે બીજી તરફ બારડોલી કેદારેશ્વર મહાદેવ ગેટ નજીકથી મંદિર સુધીના માર્ગના નવીનીકરણ માટે પણ રકમ ફાળવવામાં આવતા સોમવારે આ માર્ગની પણ ખાતમુહૂર્ત વિધિ ભાવેશ પટેલના હસ્તે કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત સભ્ય કિશોર પાનવાલા, સરભોણ ડેપ્યુટી સરપંચ અને બારડોલી તાલુકા ભાજપ મહામંત્રી પરિક્ષિત દેસાઈ, કેતન રાઠોડ, તા.પં.પ્રમુખ રમણ રાઠોડ, તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ દીપકભાઈ પટેલ, પ્રતિક નાયક, પંકજ ઢીમ્મર સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# બુહારીના રામજી મંદિરે નવરાત્રિમાં રોજ ગરબે ઘુમતા ત્રણ હજાર ખેલૈયાઓ



**બુહારી** નગર રોશનીથી ઝળહળી ઊઠયું

બુહારીઃ તાપી જિલ્લાના વાલોડ તાલુકાના મુખ્ય મથક બુહારી ગામે પૂર્ણા નદીના કિનારે આવેલા અતિ પ્રાચીન રામજી મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ બુહારીના ઉપસરપંચ અને ગુજરાત પ્રદેશ યુવા ભાજપના સંયોજક સુરજ દેસાઇ અને તેમના ગૃપ દ્વારા ભવ્ય વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેને લઈને બુહારી ગામની આજુબાજુના ગામના ત્રણથી ચાર હજાર લોકો રોજે રોજ માતાજીના ગરબે ઘુમવા આવી રહ્યા છે. બુહારીના રામજી મંદિરે ભવ્ય નવરાત્રી મહોત્સવનું આયોજન સુરજ દેસાઇ એન્ડ ગ્રુપ દ્વારા કરવામાં આવ્યું છે. જેને લઈને બુહારી નગરને રોશની અને લાઈટીંગથી શણગારવામાં આવ્યુ છે. અને મંદિર પરીસરમાં ચુસ્ત બંદોબસ્ત અને સુરક્ષા સાથે સીસીટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવ્યું છે અને ભકિત ભાવ સાથે પ્રખ્યાત ઓરકેસ્ટ્રાપાર્ટી ખેલૈયાઓને ગરબે ઘુમાવે છે. અને યુવાધન હીલોળે ચઢી માના ગરબે ઘુમે છે. બુહારી ગામે એન્ટ્રી ફી કે પાસ વગર નિઃશુલ્ક ખેલૈયાઓને પ્રવેશ સાથે ગરબાનું આયોજન કરાયું છે.

# ડોલારા ગામમાંથી લાયસન્સ વગરની બંદુક સાથે ત્રણ પકડાયા

**કુલ રૂ. ૨૩.૫** હજારનો મુદ્દામાલ કબજે લેવાયો : પોલીસે બંદુક આપનારની પણ ધરપકડ કરી



વ્યારાઃ વ્યારાથી આશરે ૧૦ કિ.મી.નાં અંતરે આવેલા ડોલારા ગામનાં પાટિયા પાસેથી બાઇક પર સવાર બે શખ્સો સવારનાં અરસામાં કાપડનાં કવરમાં ગેરકાયદે લાયસન્સ વગરની બંદુક સાથે જઇ રહ્યા હતા. તે અરસામાં પોલીસે ગુપ્ત રીતે વોચ ગોઠવી હતી. આ ગુનામાં સંકળાયેલા ત્રણ શખ્સો પૈકી બેને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. જ્યારે બંદુક આપનાર શખ્સને તેના ઘરેથી ઝડપી લીધો હતો.

રવિવારે વ્યારા પોલીસને બાતમી મળી હતી કે ગેરકાયદે લાયસન્સ વગરની બંદુક લઇ ત્રણ શખ્સો બાઇક પર આવી રહ્યા છે. જેને લઇ ડોલારા પાટિયા પાસે ગુપ્ત રીતે વોચ ગોઠવી હતી. સવારે છ વાગ્યાનાં અરસામાં હીરો હોન્ડા સ્પ્લેન્ડર પ્રો મોટર સાઇકલ નં. જીજે-૨૬-બી-૭૧૭૮ ઉપર પોતાનાં એક કાપડનાં બનાવેલા કવરમાં બારબોર સીંગલ બેરલ બંદુક નંગ ૧ કિં.રૂ. ૩ હજાર મો.સા. કિં. રૂ.૨૦ હજાર અને મોબાઇલ નંગ ૧ કિં.રૂ.૫૦૦ની સાથેનાં કુલ રૂ.૨૩,૫૦૦ મુદ્દામાલ સાથે બે શખ્સો પકડાઇ ગયા હતા.

પકડાયેલા આરોપીઓ વ્યારા તાલુકાનાં ખુરદી ગામનાં, મોટુ ફળિયામાં રહેતા ઠકોરભાઇ મનજીભાઇ ગામીત મુળ રહે. સાંઢકુવા નવાપાડા ફળિયુ તા. સોનગઢનાં રહેવાસી છે. જ્યારે બીજો આરોપી બીતેશભાઇ ચુંદુભાઇ ગામીત રહે. ખુરદીગામ ચુલા ફળિયુ તા. વ્યારાનાં છે. જ્યારે આ બન્નેને બંદુક આપનાર કમલેશભાઇ નાનકાભાઇ ગામીત રહે. ખુરદી ગામ મોટુ ફળિયુ તા.વ્યારાને પણ તેના ઘરેથી ઝડપી પાડયો હતો.

### ફુલવાડી પંચાયતના હારેલા સભ્ય ફેર મતગણતરીમાં જીતી ગયા

તરસાડાઃ માંડવી તાલુકામાં નવ મહિના પહેલાં પંચાયતોની ચૂંટણી યોજાઇ હતી. જેમાં ફુલવાડી ગ્રામ-પંચાયતના વોર્ડ નં.૨માં શીલાબેન ચૌધરી તથા રક્ષાબેન ચૌધરીએ ઉમેદવારી કરી હતી. મતગણતરી બાદ ચૂંટણી અધિકારીએ રક્ષાબેન ચૌધરીને ઓછા મત મળ્યા છતાં વિજેતા જાહેર કર્યા હતા. જયારે શીલાબેનને વધુ મળ્યા છતાં પરાજીત જાહેર કરતાં, મામલો વિવાદી બનતા પરાજીત જાહેર કરેલા ઉમેદવારે કોર્ટનું શરણું લેતાં માંડવી મામલતદાર કચેરીએ રવિવારે ફેરમતગણતરી કરાતા આખરે સત્ય બહાર આવ્યું અને વહીવટીતંત્રએ પુનઃ મતગણતરી કરતાં છેવટે વોર્ડ નં.૨ના ઉમેદવાર શીલાબેન ચૌધરીને ૮૭ મત મળ્યા હતા અને રક્ષાબેન ચૌધરીને ૨૯ મતો મળવા છતાં ચૂંટણી તંત્રએ ખોટો નિર્ણય લેતાં છેવટે પરાજીત જાહેર કરેલા શીલાબેન ચૌધરીને વિજેતા જાહેર કરવાની નોબત આવી હતી. આમ ચૂંટણીતંત્રનો છબરડો પ્રકાશમાં આવ્યો છે. છેવટે સત્યનો વિજય થતાં શીલાબેન ચૌધરીને વિજેતા જાહેર કરાતાં તેમના સમર્થકો-ટેકેદારોએ વિજયોત્સવ મનાવ્યો હતો.

### માંગરોળ તાલુકા પેન્શનર મંડળની સાધારણ સભા રવિવારે યોજાશે

સુરતઃ માંગરોળ તાલુકા પેન્શનર મંડળ, તરસાડી-કોસંબા(રજી.નં.ઇ-૪૭૫૫,સુરત)ની સાધારણ સભા તા.૧-૧૦-૧૭ને રવિવારે સાંજે ૪-૦૦ વાગ્યે રામજી મંદિર, તરસાડીમાં રાખવામાં આવી છે. જેમાં હોદ્દેદારોની વરણી કરવામાં આવશે. આથી પેન્શનર ભાઇ-બહેનોને સમયસર હાજર રહેવા એક યાદીમાં જણાવાયું છે.

# દઢવાડા ગામ નજીકથી પાંચ લાખનો દારૂ ઝડપાયો : આરોપીઓ ફરાર

**ત્રણ કાર** તથા વિદેશી દારૂ મળી ૩૧ લાખનો મુદ્દામાલ જપ્ત

તરસાડાઃ માંડવી તાલુકાના પીપલવાડા ગામની સીમમાંથી પસાર થતી ત્રણ કારમાં વિદેશી દારૂની હેરાફેરી થઇ રહી છે. તેવી માંડવી પોલીસને બાતમી મળી હતી. તે આધારે પી.આઇ. પી.જી.નરવાડે તથા પો.સ.ઇ. એચ.એસ.માલ તથા સ્ટાફ સાથે દઢવાડા ગામે વોચ ગોઠવી હતી. તે દરમ્યાન સોનગઢથી માંડવી ફેદરીયા આવતી ઈનોવા ગાડી નં. જીજે-૧૬, ડબલ્યુ ૮૦૦૯ તથા મહેન્દ્ર એકયુવી ગાડી નં. જીજે-૨૧, એચએ ૭૪૬૫ તથા મારૂતિ સ્વીફટ ડીજાયર નં. જીજે ૨૬, એન-૦૩૧૧માંથી વિદેશી દારૂના બોક્ષ નંગ- ૧૪૩, જેમાં કુલ બોટલો ૫૯૦૪ મળી આવી હતી. જેની કિંમત રૂા. ૫,૫૬,૦૦૦ થવા જાય છે તથા સેમસંગ કંપનીનો મોબાઇલ જેની કિંમત રૂા. ૧૦૦૦ મળી આવ્યો હતો. વિદેશી દારૂની પકડાયેલી ત્રણે કારની કિંમત રૂા. ૨૬,૦૦,૦૦૦ મળી કુલ ૩૧,૫૭,૦૦૦નો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો હતો. વાહન મૂકી આરોપી ફરાર થઇ ગયા હતા. જયારે મુખ્ય બુટલેગર પિન્ટુ ઉર્ફે ગોરખ ભીમરાવ બડોગેને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે. આમ મોટા જથ્થામાં વિદેશી દારૂ ઝડપાતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આથી બુટલેગરો તથા લેન્ડીંગ કરનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# સોનગઢના ઐતિહાસિક કિલ્લાના રોડને ચકાચક બનાવી દેવાશે

**પાલિકાની** સામાન્ય સભામાં રૂ.૧.૫૦ કરોડના વિવિધ વિકાસનાં કામોને બહાલી

વ્યારાઃ વ્યારા સોનગઢ નગરપાલિકાએ મળેલી સામાન્ય સભામાં ડામર રોડ, પીવાનાં પાણીની સુવિધા, અબોલ પશુ-પંખીઓ માટે તળેટીમાં તળાવા બનાવવા સહિત વિકાસનાં અનેક કામો કરવા માટે દોઢ કરોડની રકમ ફાળવી હતી. ઐતિહાસિક નગર સોનગઢનાં ગાયકવાડી કિલ્લા પર હિન્દુઓનાં આસ્થાનાં પ્રતીક માતાજીનું સ્થાનક હોવાથી દર વર્ષે દશેરાનાં દિવસે કિલ્લા પર ભરાતા મેળાનું સોનગઢ સહિત અનેક ગામડામાંઓ ઘણુ મહત્વ છે. લોકો માટે આસ્થાનાં પ્રતીક અને પર્યટન માટે જાણીતા આ કિલ્લા પર દશેરાનાં મેળામાં હજારો લોકો પોતાની માનતા પુરી કરવા માતાજી દર્શનાર્થે આવે છે. છેલ્લા ઘણા સમયથી કિલ્લા પર જતો રસ્તો ખાડાઓમાં પરિવર્તીત થયો છે. જેને મરામત કરવા માટે ખાતમુહૂર્ત કરવામાં આવતા સમગ્ર નગરજનો સહિત ભકતોએ આનંદની લાગણી વ્યકત કરી હતી.

# બારડોલી નગરપાલિકાએ રસ્તાઓ પર બમ્પ મુકયા પણ સફેદ પટ્ટા દોરવાનું જ ભુલાયું!

**સફેદ પટ્ટા** નહિ દોરાતા બમ્પ દેખાતા નથી, અચાનક બ્રેક મારતા બાઈક સ્લીપ થવાના બનાવો વધ્યા

બારડોલીઃ બારડોલી નગરપાલિકા દ્વારા નગરના મુખ્ય માર્ગ સહિત અનેક રસ્તાઓ પર ઠેર ઠેર બમ્પ મૂકવામાં આવ્યા છે. જોકે આ બમ્પ પર પાલિકા સફેદ પટ્ટા દોરવાનું જ ભૂલી જતાં આ બમ્પ વાહનચાલકો માટે ખતરનાક સાબિત થઇ રહ્યા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ બારડોલી નગરપાલિકાના પદાધિકારીઓ દ્વારા મોટા ઉપાડે નગરમાં ઠેર ઠેર બમ્પ મૂકી દેવામાં આવ્યા છે. અને આ બમ્પ વાહન ચાલકો માટે કમરતોડ બનતા લોકો હાયતોબા પોકારી ઉઠ્યા છે. આ બમ્પ વાહનોની સ્પીડમાં ઘટાડો કરવાના હેતુથી મૂકવામાં આવ્યા હોય પરંતુ બમ્પ મૂકવામાં આવ્યા બાદ પાલિકા આ બમ્પ પર સફેદ પટ્ટા દોરવાનું જ ભૂલી જતાં મોટરસાયકલ ચાલકો બમ્પ ન દેખાતા અચાનક બ્રેક મારતા બાઈક સ્લીપ થતાં અકસ્માતનો ભોગ બન્યા છે. આ બમ્પ લોકો માટે મુસીબતરૂપ સાબિત થઈ રહ્યા છે.

### મોટરસાઇકલ પર આવેલા બે આધેડ અચાનક બમ્પ આવતા બ્રેક મારતા નીચે પડી ગયા હતા

શુક્રવારના રોજ વહેલી સવારે વાંકાનેરથી મેસ્ટ્રો મોટર સાઇકલ પર આવેલા બે આધેડો ગાંધીરોડ પરથી પસાર થતી વેળાએ કમલા પાર્ક પાસે અચાનક બમ્પ આવતા બ્રેક મારતા પાછળ બેસેલા આધેડ નીચે પડી ગયા હતા. તેમને પગ અને શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઇજા થતાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.જેને લઈ પાલિકા દ્વારા નગરમાં આવેલા બમ્પ પર સફેદ પટ્ટા દોરાવવામાં આવે તેવી માગ વાહન ચાલકોમાં ઉઠી છે.

# ઉચ્છલનાં ખોખરા-ઉમરા વિસ્તારનાં લોકોને આધાર, પુરાવા, નાગરિકત્વ આપવા માંગણી



વ્યારાઃ ઉચ્છલ તાલુકાનાં જાંબલી ગામનાં ખોખરા ઉમરા વિસ્તારમાં વર્ષોથી વસવાટ કરી પોતાનું ગુજરાન ચલાવતા પરિવારો સાથે અન્યાય થયો છે. ૧૯૬૭-૬૮માં ઉકાઇ ડેમ બનાવવાથી વિસ્થાપિત થઇ છેલ્લા ૪૯ વર્ષથી અહીં રહે છે. તેમ છતાં આજદિન સુધી ભારત દેશનું નાગરિકત્વ, આધાર પુરાવા કે સરકારની કોઈપણ યોજનાના લાભો મળતા નથી. વધુમાં આક્ષેપ કર્યો છે કે ગુજરાતની ભાજપ સરકાર સૌનો સાથ સૌનો વિકાસની વાતો ફક્ત મોઢેથી જ કરી રહી છે. વારંવાર ઉચ્છલ મામલતદાર કચેરીએ રજૂઆતો કરવા છતાં પણ ક્યા કારણોસર આ પરિવારોને આધાર પુરાવા આપવામાં આવ્યા નથી? તે સમજાતુ નથી. રજૂઆતો થઇ છતાં પણ કોઈ અધિકારી સ્થળ તપાસ માટે પણ જવા તૈયાર નથી. જેને લઇ બીટીએસ દ્વારા કલેકટરને ઉગ્ર માગ સાથે આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું.